**૩૧/૦૭/૨૦૨૧**

**પ્રતિ,**
**મુખ્ય સચિવશ્રી,**
**કાયદા વિભાગ,**
**બ્લોક નં.૪, બીજો માળ,**
**સચિવાલય, ગાંધીનગર - ૩૮૨૦૧૦**

**વિષયઃ  અશાંતધારા અન્વયે સ્થાવર મિલકતની તબદીલી કરવા પુર્વ મંજુરી આપવા બાબત...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, અમો સંસ્થાના ડેવલોપર્સ દ્વારા વિવિધ પ્રોજેકટ/સાઇટ ડેવલપ કરી અને પ્રોજેકટ ના યુનિટો ખરીદનારાઓને વેચાણ આપતા હોઇએ છીએ.

સુરત શહેરમાં અઠવા, સલાબતપુરા, ચોક બજાર, મહિધરપુરા, સૈયદપુરા અને લાલગેટ પોલીસ સ્ટેશનનાં કેટલાંક વિસ્તારોમાં તા.૧૭/૧૦/૨૦૧૭ થી તેમજ લીંબાયત અને રાંદેર પોલીસ મથકનાં કેટલાક વિસ્તારોમાં તા.૧૪/૦૩/૨૦૨૦ થી અશાંતધારાની જોગવાઇઓ અમલી બનાવી છે. અશાંતધારાની જોગવાઇઓ મુજબ કોઇ પણ ધર્મનાં લોકો પરસ્પર મિલકતનું ખરીદ-વેચાણ પહેલાં પરવાનગી મેળવવી ફરજીયાત છે આવો નિયમ છે જેનાથી અમો સૌ માહિતગાર છીએ.

અશાંતધારાની જોગવાઇ અને પ્રોસીજર પ્રમાણે જોઇએ તો મિલકતનાં દરેક ખરીદનાર દ્વારા અલગ-અલગ અશાંતધારાની પરવાનગી મેળવવા માટે અરજી કરવામાં આવે છે. કોઇ એક ધર્મનાં ડેવલોપર્સ/વેચાણ આપનાર દ્વારા અન્ય ધર્મનાં લોકોને સમગ્ર પ્રોજેકટની તમામ મિલકતો જેવી કે ફલેટ, દુકાન, રો-હાઉસ વગેરે ચોક્કસ ધર્મનાં ખરીદનારાઓને વેચાણ આપવાનું નક્કી હોય છે અને ત્યારબાદ પરવાનગી લેવાની હોય છે તો તેવા સંજોગોમાં ઓનલાઇન અરજી કરતાં જે તે લાગતાં વળગતા પોલીસ સ્ટેશનમાં અને લાગતા વળગતા મામલતદારને મોકલવામાં આવે છે. ત્યારબાદ લેનાર તથા વેચનારના જવાબ, પંચકયાસ, સ્થળ નિરીક્ષણ વિગેરે કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારબાદ, પોલીસ કમિશ્નર કચેરી તથા અરજીના સંદર્ભનાં કાગળો નાયબ કલેકટર કચેરી સુરતનાંને મોકલવામાં આવે છે. આવા સંજોગોમાં સદરહું પ્રક્રિયા પુર્ણ થતાં ઘણો લાંબો સમય પસાર થાય તેમ છે. તેમજ સદરહું પ્રક્રિયા પુર્ણ કરવામાં નાણાંનો પણ વ્યય થાય છે.

અમો પ્રોજેકટ ડવલોપર્સો નાં યુનિટોમાં વેચાણ આપનાર એક જ હોય છે અને ખરીદનારાઓ અલગ અલગ હોય છે. જેથી અમારી અરજ છે કે દરેક પ્રોજેકટના વેચાણ આપનારની એક જ વાર તપાસ કરી કાયદાકીય કાર્યવાહી સંપુર્ણ કરી પ્રોજેકટના યુનિટોને વેચાણ કરવા માટે મંજુરી આપી દેવી જાઇએ અને તે પ્રોકેકટ પૈકી જે યુનિટ વેચાણ આપવાનુ થાય ત્યારે માત્ર ખરીદનારના અરજી તથા સોગંદનામા જેવા આવશ્યક કાગળો મેળવી સરળતાથી અને ટુંકા સમયમાં પરવાનગી મળી જાય તેવી પધ્ધતિ - નીતિ બનાવવા અમારી નમ્રતા પુર્વકની અરજ છે.

**લિ. આપના વિશ્વાસુ**

**સુરેશ પટેલ**
**ચેરમેન**
**ક્રેડાઇ-સુરત**

**રવજીભાઇ પટેલ**
**પ્રમુખ**
**ક્રેડાઇ-સુરત**

**વિજય ધામેલિયા**
**માનદ્મંત્રી**
**ક્રેડાઇ-સુરત**

**નકલ રવાનાઃ**

**પ્રતિ,**
**અધિક મુખ્ય સચિવશ્રી,**
**મહેસુલ વિભાગ,**
**બ્લોક નં.૧૧, નવા સચિવાલય,**
**ગાંધીનગર - ૩૮૨૦૧૦**